**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૯૭ ટકા

# શહેરમાં રેસ્ટોરન્ટ ખુલ્યા પણ હજુ....

## મોટા ભાગની રેસ્ટોરન્ટ હજુ 'વેઈટ અને વોચ'ની સ્થિતિમાં છે : શહેરમાં માત્ર એક જ ડાઈનીંગ હોલ સરકારના નિયમ મુજબ શરૂ થયો

ગાંધીનગર, તા.૮

નગરમાં અનલોક-૧ની શરૂઆત થઈ ગઈ છે ત્યારે નગરના અમુક મંદિર અને રેસ્ટોરન્ટ હવે ખુલી ગયા છે. ઉપરાંત મોલ તો યોગ્ય ડિસ્ટન્સ સાથે ખુલ્લા જ હતા. રેસ્ટોરન્ટમાં ટેક ઈન ટેક અવે ની સુવિધા શરૂ થઈ છે. સાથે સરગાસણ સ્થિત રાધે થાળ ડાઈનિંગ ની સુવિધા સાથે સજ્જ છે.

નગરજનો ૮ જૂન એટલે કે અનલોક ૧ ની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. આ દિવસે મુખ્ય ધંધા રોજગાર અમુક શરતો સાથે ખુલશે તેમ સરકાર દ્વારા જણાવાયું હતું અને આ દિવસે નગરમાં રોજ કરતા વધુ ચહલ પહલ જોવા મળી હતી. નવા ગાંધીનગરમાં પણ અલગ માહોલ દેખાયો હતો. રેસ્ટોરન્ટ અને હોટલ આજથી ખુલી જતા કયાં કેવી રીતે મેનેજમેન્ટ થશે તે જાણવા ખાસ યુવાનો આતુર જણાયા હતા.સરગાસણ સ્થિત મેકડોનલ્સ અને પિત્ઝા સ્ટોર્સ પાસે સાંજના સમયે ખાસ ચહલ-પહલ જોવા મળી હતી. નગરના મોટાભાગના હોટલ અને રેસ્ટોરન્ટ ધારકોએ ટેક ઈન ટેક અવે અને મર્યાદિત સમય સુધી ઓનલાઈન ફુડ ડિલિવરી હાલ પૂરતી સીમિત રાખી છે. ઉપરાંત અમુક હજી સુધી ખુલી જ નથી. હોટલ અને રેસ્ટોરન્ટ ધારકોને આ બાબતે પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે, તેઓ હજી ડાઈનિંગ શરૂ કરવા માટે થોડા દિવસ રાહ જોવા માંગે છે. યોગ્ય રીતે તમામ કારીગરો કોરોનાની મહામારી ને લઈ સજાગ થઈને યોગ્ય ધ્યાન રાખતા થઈ જાય અને ટેવાઈ જાય ત્યારબાદ જ ધીમે ધીમે તેઓ ડાયનિંગ શરૂ કરશે.






નગરના સરગાસણ સ્થિત રાધે થાળમાં આજથી જ ડાઈનિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. યોગ્ય પ્રિકોશન્સ સાથે શરૂ કરાયેલ આ વ્યવસ્થામાં ખાસ આવનાર ગ્રાહકોના નામ રજીસ્ટર કરવામાં આવે છે. આ ઉપરાંત દરેકનું ટેમ્પરેચર ચેક કરીને જ તેમને એન્ટ્રી અપાય છે અને હેન્ડ સેનીટાઈઝર સ્ટેન્ડ સાથે એન્ટ્રી ગેટ પર રાખવામાં આવ્યું છે. જેથી તમામ સરળતાથી પોતાના હાથ સેનીટાઈઝ કરીને જ એન્ટ્રી લઈ શકે અને બેઠક વ્યવસ્થામાં ફક્ત બે જણા એક ટેબલ પર બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત તમામ સ્ટાફ માટે હેડ કેપ, ગ્લોવ્ઝ અને માસ્ક ફરજિયાત કરવામાં આવ્યું છે.

# સિવિલમાં અમદાવાદથી કોરોનાના દર્દીઓને ખસેડવા માટે હિલચાલ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે અમદાવાદ થી કોરોનાના દર્દીઓનો સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવા માટે હિલચાલ ચાલી રહી હતી. જેને પગલે તંત્ર દ્વારા વોર્ડ પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. પરંતુ અત્યાર સુધી એક પણ દર્દી ને અમદાવાદ થી ગાંધીનગર લાવવામાં આવ્યા નથી.

કોરોનાએ ગાંધીનગરમાં પણ હાહાકાર મચાવ્યો છે. કોરોનાનો આંકડો રોજ બરોજ વધી રહ્યો છે. ત્યારે ગાંધીનગર સિવિલ કેમ્પસ ખાતે ૬૦૦ બેડમાં કોવીડ હોસ્પિટલ તૈયાર કરાઈ છે. નવી બિલ્ડીંગમાં કેટલાક દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે અમદાવાદ શહેરમાં કોરોનાના કેસની સંખ્યા સતત વધી રહી છે. અમદાવાદ સિવિલ કેમ્પસ ખાતે ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં પણ કોરોના દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર સિવિલ કેમ્પસ ખાતે સ્થિત નવી બિલ્ડીંગના ૪ થી ૬ઠ્ઠા માળ સુધીના વોર્ડમાં ૨૦૦ બેડ તૈયાર કરાયા છે. એક વોર્ડમાં ૨૦ દર્દીઓને રાખી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરાઈ છે. મળતી માહિતી મુજબ અમદાવાદથી ૨૦૦ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવાના હતા. પરંતુ સિવિલ કેમ્પસ ખાતે દર્દીઓ સારવાર માટે આવ્યા નથી ત્યારે તંત્ર દ્વારા વોર્ડ તૈયાર કરીને તાળુ મારીને રાખ્યા છે. આથી આગામી સમયમાં અમદાવાદથી દર્દીઓને ગાંધીનગર મોકલાશે તો આ વોર્ડ કાર્યરત કરાશે. તે માટે સિવિલ તંત્ર દ્વારા જરુરી સ્ટાફ નિયત કરી દેવાયો છે.




આજે શહેરમાં વરસાદ આવતા સેક્ટર-૭માં ઉભા રહેતા શાકભાજી ફેરિયાઓને ફટકો પડયો હતો. કૉરોનોને કારણે સાંજે ૬:૩૦ સુધી જ ઊભા રહેવાની પરવાનગી છે અને તેમાં વરસાદ આવતા ખરીદી ઘટી ગઈ હતી. હવે જયારે તમામ વેપાર-ધંધાને ૭ વાગ્યા સુધીની છુટ મળી છે ત્યારે શાકભાજી વિતરણ માટે પણ સમય વધારી આપવામાં આવે તેવી ફેરિયાઓમાં માગ પ્રવર્તી રહી છે.

# શહેરમાં મંદિરો ખુલ્યા પરંતુ દર્શનાર્થીઓની પાંખી હાજરી

## મંદિરો સહિત અન્ય ધર્મસ્થાનો પણ શ્રધ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યા : સરકારની ગાઈડલાઈનમાં પાલન સાથે દર્શનની વ્યવસ્થા : અક્ષરધામ-જલારામધામ તથા ચર્ચ હજુ બંધ





ગાંધીનગર, તા.૮

શહેરમાં આજથી સોશ્યલ ડિસ્ટન્સ સહિતની ગાઈડલાઈનના પાલન સાથે ધાર્મિક સ્થળો ખુલ્યા હતા. જો કે અપેક્ષા કરતા ભાવિકોની ખૂબ ઓછી હાજરી મંદિરોમાં જોવા મળી હતી જેના કારણે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવામાં કોઈ મુશ્કેલી નડી નહોતી. હજુ દેવસ્થાનોમાં પ્રસાદ-ઘંટનાદ વગેરે પર પ્રતિબંધ લાદવામાં આવેલો છે.

લાંબા સમયના લોકડાઉન પછી આજથી ધર્મસ્થાનોને શરુ કરવાની પરવાનગી આપવામાં આવી હતી પરંતુ તે અગાઉ તમામ ધર્મસ્થાનોનું સેનીટાઈઝેશન કરવામાં આવ્યું હતું તથા સોશ્યલ ડિસ્ટન્સિંગ જળવાય તે માટે માર્કિંગ કરવામાં આવ્યું હતું. આ સાથે મોટાભાગના મંદિરો સહિતના ધર્મસ્થાનોમાં શ્રધ્ધાળુઓ માટે મર્યાદિત સમય જ ફાળવવામાં આવ્યો છે અને સેનેટાઈઝર તથા હેન્ડવોશની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. આજથી શહેરમાં



શરુ થયેલા મંદિરોમાં શ્રધ્ધાળુ દર્શનાર્થીઓ ઉમટી પડશે તેવી આશંકા હતી પરંતુ મોટાભાગના ધર્મસ્થળો પર ખુબ ઓછી સંખ્યામાં દર્શનાર્થીઓ આવ્યા હતા. શહેરમાં આજે પંચદેવ મંદિર, હવેલી મદિર, સિંધુધામ, સોમનાથ મહાદેવ સહિત અનેક મંદિરો ખુલ્યા હતા જયારે અક્ષરધામ, જલારામધામ તથા સ્વામિનારાયણ મંદિરો તેમજ ચર્ચોએ હજુ પણ જાહેર જનતા માટે ખોલવાનું મુનાસિબ માન્યું નથી. શહેરમાં જૈન મંદિરો અને મસ્જિદો પણ આજથી ખોલી દેવામાં આવી છે જેમાં સારકારની ગાઈડલાઈન ઉપરાંત સંચાલકો દ્વારા વધુ કડક નિયમો બનાવી તેનો અમલ કરાવવાનું નિયત કરાયું છે.



કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે આવેલા જન સેવા કેન્દ્ર ખાતે મંડપની ઉત્તમ સુવિધા ઉભી કરવામાં આવી છે. મંડપની સુવિધાના કારણે જનસેવા કેન્દ્ર ખાતે પોતાના કામઅર્થે આવતાં નાગરિકોને જનસેવા કેન્દ્રમાં જવાની જરૂર રહેતી નથી. તેમજ જનસેવાની વિવિધ બારીએથી વિવિધ સેવાઓની કામગીરી કરવામાં આવી રહી છે. જેની ફલશ્રુતિ રૂપે કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે જરૂરી સોશિયલ ડિસ્ટન્સીંગનું સુચારું પાલન થાય છે. તેમજ કામઅર્થે આવેલા નાગરિકો માસ્ક પહેરીને આવી રહ્યાં છે. તેમજ નાગરિકોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે પાર્કિંગના શેડ નીચે ટેબલની સુવિધા પણ કરી આપવામાં આવી છે. આ સુવિધા થકી કામ અર્થે આવતા નાગરિકો અને જનસેવા સ્ટાફને કોરોનાનું સંક્રમણ થવાનો ભય લાગતો નથી. આ મંડપ વોટૂરપ્રફુ હોવાથી નાગરિકોને ચોમાસાની ઋતુમાં પણ ઉપયોગી બની રહ્યો છે.

# ગાંધીનગર જિલ્લાના બાગાયતદાર ખેડૂતો જોગ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના જે બાગાયતદાર ખેડૂતોએ ચાલું નાણાંકીય વર્ષ : ૨૦૨૦-૨૧ માંટે i-khedut પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી છે. તેવા ગાંધીનગર જિલ્લાના ખેડુતોએ અરજીમાં જણાવેલ સાધનીક કાગળો સાથે મોડામાં મોડા તા.૨૦/૦૬/૨૦૨૦ સુધીમાં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પાંચમો માળ, સી-બ્લોક, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગરે રજુ કરવાની રહેશે. ત્યારબાદ કોઈ પણ અરજદારની અરજી સ્વીકારવામાં આવશે નહી. જેથી અરજી કરનાર તમામ બાગાયતદાર ખેડુતોએ તારીખ પુર્ણ થયા પહેલા કચેરીએ રજુ કરવા નાયબ બાગાયત અધિકારીશ્રીએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. પરમાર બિજલભાઈ મોતીભાઈ, ઉ.વ. ૪૫, સે-૨૪, ઈન્દિરાનગર
- સ્વ. દિપકભાઈ જોઈતારામ રામી, ઉ.વ. ૪૨, મુ. રૂપાલ
- સ્વ. સુનિલભાઈ અશોકભાઈ દંતાણી, ઉ.વ. ૨૦, સે-૨૮-છાપરા
- સ્વ. રાજકુમાર કૌશિકકુમાર પુરોહિત, ઉ.વ. ૩૯, નરોડા-અમદાવાદ
- સ્વ. બીસેમ ગયાદીન કોરી, ઉ.વ. ૬૪, સેકટર-૧૨

# સેકટર-૧૨માં ગટરો સતત ઉભરાતી હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા.૮

સેકટર-૧૨ના સરકારી વસાહત વિસ્તારમાં ગટરો સતત ઉભરાય છે. આ અંગે વારંવાર ડ્રેનેજ ઈન્કવાયરીને રજૂઆત કરી હોવા છતાં આ સમસ્યાનો ઉકેલ ન આવતા અહીંના વસાહતીઓ ત્રાસી ગયા છે.

સેકટર-૧૨ જ-૨ ટાઈપ સરકારી વસાહત વિસ્તારમાં પ્રવેશતા જ માથુ ભયંકર દુર્ગંધથી ફાટી જાય છે. અહીંના વસાહતીઓએ રજૂઆત કરી છે કે આ વિસ્તારમાં છેલ્લા છ મહિનાથી ગટર ઉભરાય છે. સતત ઉભરાતી ગટર અંગે સોકરટ-૩ની ડ્રેનેજ ઈન્કવાયરીમાં અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી છે. ઉભરાતી ગટરની તસવીરો પણ અધિકારીઓને પહોંચાડવામાં આવી છે. પરંતુ આ સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી. વારંવાર રજૂઆત કરવા છતાં આ સમસ્યાનો ઉકેલ ન આવતા અહીંના વસાહતીઓ ખૂબ જ કંટાળી ગયા છે. આ સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવવા વસાહતીઓ ઉગ્ર માંગ કરી રહ્યા છે.

# રવિવારે પંચદેવ મંદિરે યોજાયું હેપ્પી યુથ ક્લબનું 'હેપ્પી ચકલી ઘર' વિતરણ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેવાભાવી અને પર્યાવરણપ્રેમી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા રવિવારની સવારે પંચદેવ મંદિરે હેપ્પી ચકલી ઘરના વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વિતરણ કાર્યક્રમમાં ૪૦૦ જેટલા હેપ્પી ચકલી ઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

છેલ્લા ચારેક વર્ષથી ગાંધીનગરમાં હેપ્પી યુથ ક્લબ દ્વારા શહેરના ચકલી પ્રેમી યુવાન રાજુભાઈ મકવાણાથી પ્રેરિત થઈને 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે તેમની સાથે જોડાઈને માર્ચ માસના અંતમાં 'હેપ્પી સ્પેરો વીક' ઉજવવામાં આવે છે. આ વર્ષે કોરોના મહામારીને કારણે લાગુ પડેલા લોકડાઉનમાં આ ઉજવણી મોકૂફ રાખવામા આવી હતી. હવે જયારે અનલોક-૧ લાગુ પડયું છે ત્યારે હેપ્પી યુથ ક્લબ દ્વારા રવિવારે સવારે પ્રતિકાત્મક રીતે હેપ્પી ચકલી ઘરનું નિઃશુલ્ક વિતરણ હાથ ધરવામાં આવ્યું હતું. વિતરણ કાર્ય દરમ્યાન માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું ફરજિયાત પાલન કરવા સાથે સાથે હેન્ડગ્લોવ્ઝ અને સેનેટાઈઝરનો ઉપયોગ કરીને કોવિડ-૧૯થી સુરક્ષાનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું. આ કાર્યમાં ભાવના રામી, શિવાંગ પટેલ, વિશાખા રાજપૂત અને નેહા રાજપૂતનું વિશેષ યોગદાન રહ્યું હતું. હવે નજીકના દિવસોમાં હેપ્પી યુથ ક્લબ દ્વારા ફરીથી 'હેપ્પી ચકલી ઘર'ના વિતરણનું આયોજન અન્યત્ર સ્થળે યોજાશે જેનો સમય અને સ્થળની વિગતો અગાઉથી જાહેર કરવામાં આવશે. કોઈ પક્ષી પ્રેમી કે પ્રકૃતિ પ્રેમી સંસ્થાને ચકલી બચાવવાના આ પ્રયાસમાં મદદરૂપ થવા માંગતુ હોય તો ૯૯૨૪૪૪૬૬૪૫ પર પેટીએમ કે ફોન-પે દ્વારા દાન આપી શકે છે અથવા વધુ વિગતિ કે જાણકારી મેળવવા માટે સંપર્ક કરી શકે છે.



# લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા શ્રમજીવી પરિવારના બાળકો માટે માસ્ક, ચોપડા અને ફ્રુટસનું વિતરણ



ગાંધીનગર, તા.૮

સેવાકીય ક્ષેત્રે અગ્રેસર લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા કોરોના વાઈરસ અંતર્ગત લોકડાઉનને લીધે ઓનલાઈન અભ્યાસ કરી નથી શકતા તેવા શ્રમજીવી પરિવારના બાળકોને લાયોનેસ પરમજીત કૌર છાબડા તરફથી ૫૦ જેટલા બાળકોને માસ્ક, ચોપડા અને ફ્રુટસનું વિતરણ તેમના સ્વર્ગસ્થ પતિ નરેન્દ્રસિંઘના જન્મદિવસના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ લાયોનેસ કલબના પ્રમુખ દક્ષાબેન જાદવની રાહબરી હેઠળ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કલબના મીતલ રાણા, પ્રીતી શર્મા, જાગૃતિ પરમાર, ચારૂ ટાંક, વીણા વોરોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.